RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૭૦૨, તા.૧૯–૩–૧૨
અપીલ અરજી નં.૦૮ તા.૭–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી સમીર એસ.મેકવાન
સામાવાળા:– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સમીર એસ.મેકવાનની તા. ૦૧–૦૨–૧૨ની અરજીથી ટી.પી.સ્કીમ નં. ૧૩ના પ્લોટ નં. ૨૫૮ અને ૨૬૦માં બનાવેલ રોડના ટેન્ડરની નકલ, મંજુર ભાવપત્રક, રોડ બનાવવાની પરવાનગીની નકલ અને જે દસ્તાવેજોના આધારે પરવાનગી અપાયેલી હોય તે કાગળોની નકલ અને કમ્પલીશન રીપોર્ટની નકલ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૨/૨૦૧૧–૧૨
અરજદાર મજકુરની અપીલ તા.૦૭–૪–૧૨ ની **SMC/FAP/** નં.૦૮/૨૦૧૨–૧૩

શ્રી સમીર એસ. મેકવાનની તા. ૦૧–૦૨–૧૨ની અરજીથી ટી.પી.સ્કીમ નં. ૧૩ના પ્લોટ નં. ૨૫૮ અને ૨૬૦ માં બનાવેલ રોડના ટેન્ડરની નકલ, મંજુર ભાવપત્રક, રોડ બનાવવાની પરવાનગીની નકલ અને જે દસ્તાવેજોના આધારે પરવાનગી અપાયેલી હોય તે કાગળોની નકલ અને કમ્પ્લીશન રીપોર્ટની નકલ આપવા બાબતે જાહેર માહિતી અધિકારીના તા. ૨૩–૨–૧૨ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૩–૧૨ તથા તા.૭–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. આમ અરજદારે તા.૧–૨–૧૨ ની અરજી સામે જ જુદી જુદી તરીખે કરેલ અપીલ અરજીઓ એક જ અરજી સામે થયેલ હોવાથી બંને અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે અરજદારે તા.૯–૩–૧૨ ના રોજ દસ્તાવેજ નાણા ભર્યા બાદ માહિતી આપેલ છે કે કેમ? કયારે? શુ વિગતે? તે પણ જણાવવા પત્ર અપીલ નં.૭૦૨ ના નં.આરટીઆઈ સેલ/૨૧૧૨ તા.૨૯–૩–૧૨ તથા અપીલ નં.૦૮ અંગે આરટીઆઈ સેલ/૧૩૩ તા.૧૭–૪–૧૨ થી** ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત સહ જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરની નકલ સામે મુદ્દાવાર નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા તથા મુળ અરજીથી માંગેલ માહિતી જો મળેલ હોય તો માહિતીની નકલ રજૂ કરવા તથા મળેલ માહિતી અંગે નારાજગીની વિગત આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૧ તા.૧૬–૪–૧૨ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૨૧૫ તા. ૩–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તબદીલ કરેલ પત્રની નકલ , મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૯૦ તા. ૨૩–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારને નકલ મળની પહોંચની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૧–૦૨–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા / આરટીઆઈ/ આ.નં.૧૨૧૫ તા. ૩–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૯૦ તા. ૨૩–૨–૧૨ થી નિયત સમય અવધિમાં ટેન્ડર, ભાવપત્રક તથા ટેન્ડર મંજુરી તથા ટેન્ડર મંજુરીના દસ્તાવેજની વિગત કુલ નકલ પાના ૧૨૦ ના

પાનાદીઠ રૂા.૨/– ભરપાઈ થયેથી આપવામાં આવશે. કામ પૂર્ણ થવા અંગેના વર્ક કમ્પલીશન રીપોર્ટ સદરહુ કામનું ઓડીટ સહ ફાયનલ બીલ થયેથી આપવાનો રહેશે. ત્યાર બાદ અરજદારે વેસ્ટઝોનમાં રસીદ નં.૧૮૬૯૭૯ તા.૯–૩–૧૨ થી ભરપાઈ કરી અને નકલ મળ્યાની પહોંચ અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી જે તે સ્થિતિએ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ છે જે અંગે અરજદારે તા.૨૩–૨–૧૨ ના નિર્ણયથી નારાજ થઈ તા. ૧૯–૩–૧૨ તથા ૭–૪–૧૨ થી અપીલ અરજી કરેલ. જે બાબતે અરજદાર પાસેથી નારાજગીની વિગતો અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૧૨ તા.૨૯–૩–૧૨ તથા આરટીઆઈ સેલ/૧૩૩ તા.૧૭–૪–૧૨ થી પત્ર પાઠવી તક આપવા છતા પણ અરજદારે નારાજગી અંગે કોઈ આધાર કે પૂરક વિગતો રજૂ કરેલ નથી અને તેમ કરવામાં સફળ પણ રહેલ નથી. વધુમાં અરજદારને જે તે સમયની સ્થિતિએ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ કામ પૂર્ણ થયેથી વર્ક કમ્પલીશન રીપોર્ટ ઓડીટ ફાયનલ બીલ થયેથી આપવાનું જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૯–૩–૧૨ ધ્યાને લેતાં ૧૭–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સમીર એસ.મેકવાન,